જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૦/૨૦૧૭ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૨૦૫૪/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૬૦ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૨૧૭ લીટર દેશી દારૂ, ઈંગ્લીશ દારૂ ૧૦૮ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૨ આરોપીઓને ઝડપી રૂપિયા ૭,૫૬,૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૦૫૫/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૫૬/૧૭</u>**

**મણીનગરઃ** ચંદ્રપ્રસાદ જગદંબાપ્રસાદ માથુર (રહે.અચલ રેસીડેન્સી-૧, ન્યુ સીજી.રોડ,ચાંદખેડા) એ તા.૧૦/૧૦/૧૭ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૦૯ થી સને-૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) તૃપન મફતલાલ શાહ(રહે. મંગલમ સોસાયટી વિ-૩, ઘોડાસર કાંસ, ઈસનપુર) અને (૨) વીરલ મહેંદ્ર રામોલિયા (રહે. અમી જ્યોત એપાર્ટમેન્ટ, દિવા હોસ્પિટલની પાસે, પરિમલ ગાર્ડન ક્રોસ રોડ, એલીસબ્રીજ) એ ભેગા મળી સરકારી કર્મચારીઓના TDS ના નાણા ૩૬,૩૪,૪૬૧/- ભવિષ્યનિધી સંગઠનમાં જમા નહી કરાવી ઉચાપત કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** અશોકભાઇ શામજીભાઇ કણઝરીયા (રહે. સન પાવર ફ્લેટ, યુગાન્ડા હોલની બાજુમાં, સુભાષચોક, મેમનગર) એ તા.૧૦/૧૦/૧૭ નારોજ **વસ્ત્રાપુર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૪/૨૦૧૪ થી તા.૧૫/૨/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન મેમનગર, ગુરૂકુળ, સ્વામીનારાયણ મંદિર ખાતે આરોપી દલસુખભાઇ વલ્લભભાઇ દેવાણી (રહે. બીનોરી પાર્ક, રોહીણી ગાર્ડન પાસે, જજીસ બંગલા, વસ્ત્રાપુર) એ અશોકભાઈ પાસેથી તથા સાહેદો પાસેથી ઉછીના રૂપિયા ૬૦,૨૫,૦૦૦/- લઈ જઈ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એમ.જાડેજા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૭/૧૭**

**સોલા હાઈકોર્ટઃ** બીષ્ણુ માધવ સિંઘ (રહે. શીલપાર્ક સોસાયટી વસંતનગર ટાઉનશીપ ગોતા) એ **સોલા હાઈકોર્ટ** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. તા.૯/૧૦/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૧૦/૧૦/૧૭ કલાક ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના રસોડાની જાળી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૯૧,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

**બાપુનગરઃ** ગોરધનભાઇ સ/ઓ નરસિંહભાઇ પટેલ (રહે. પુષ્કર બંગલોઝઇતિહાસ રેસીડેન્સીની બાજુમા નિકોલ) એ **બાપુનગર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૧૦/૧૭ રાતના ૧૦/૩૦ થી તા.૧૦/૧૦/૧૭ કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન બાપુનગર કર્ણાવતી કોમ્પલેક્ષની સામે "કુળદેવી ટેલીકોમ" મોબાઇલ રીચાર્જ નામની દુકાનનાં શટરના તાળા ડુપ્લીકેટ ચાવીથી ખોલી દુકાનનુ શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી રોકડ રૂપિયા ૬,૭૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.જાડેજા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૮/૧૭**

**સોલા હાઈકોર્ટઃ** નવઘણભાઇ કરશનભાઇ ભરવાડ (રહે.રણછોડપુરા રોડ રબારીવાસની બાજુમા પવન ફ્લેટ પાછળ ભાડજ) તા.૯/૧૦/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૧૦/૧૦/૧૭ કલાક ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરની બહાર નવઘાણભાઈ અને તેમના પત્ની સુતા હતા ત્યારે અજાણી વ્યક્તિ નવઘણભાઈના પત્નીના કાનમાં પહેરેલ સોનાની બુટ્ટી નંગ-૨, સોનાની શેર મળી કુલ કિમત રૂપિયા ૯૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ નવઘણભાઇ ભરવાડે **સોલા હાઈકોર્ટ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

**રામોલઃ** સુધાબ્હેન વા/ઓ બાબુભાઇ પટેલ (ઉ.વ.૫૮) (રહે. શ્યામ બંગ્લોઝ બરોડા એક્સપ્રેસ હાઇવેની બાજુમા ન્યુ મણીનગર સીટી.એમ) એ તા.૧૦/૧૦/૧૭ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૯/૧૭ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે સુધાબ્હેન પટેલના ઘરે બે અજાણ્યા પુરૂષો સોનાના દાગીના ચમકાવી આપવાનુ કહી આવ્યા હતા. આ માણસોએ સુધાબહેનને વિશ્વાસમાં લઈ યુક્તિ પ્રયુક્તિ કરી સુધાબહેનની સોનાની બે બંગડી કિમત રૂપિયા ૧,૧૪,૦૦૦/- નજર ચુકવી ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.બાલીયા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ** **સમાચાર યાદી નં.૨૦૫૯/૧૭**

**વટવાઃ** આશાબહેન વા/ઓફ પ્રદીપકુમાર (ઉ.વ.૫૮) (રહે. સપ્તેશ્વર પાર્ક પાર્થેશ્વર મહાદેવના મંદીરના ખાંચામાં પાર્થેશ્વર રેસીડેન્સીની સામે ઈસનપુર વટવા) તા.૧૦/૧૦/૧૭ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક સપ્તેશ્વર પાર્કની સામે આવેલ ઘોઘા બાપાના મંદીરની આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો આશાબહેનના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ આશાબહેને વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ **પો.સ.ઇ.શ્રી એસ.એ.ગોહીલ** ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૦/૧૭**

**નરોડાઃ** મેહુલભાઇ મનુભાઇ ત્રિવેદી(રહે. સારથી બંગ્લોઝ હરિદર્શન ચોકડી પાસે કઠવાડારોડ નરોડા) એ તા.૧૦/૧૦/૧૭ કલાક ૧/૧૭ વાગે નરોડા સુરમ્ય એપાર્ટમેન્ટ દુકાન નંબર-૩ માતગી ઓટો નામની ઓફીસ આગળ પોતાની **ટોયેટા ઇનોવા ગાડી નંબર ૨૭ સી ૫૧૬૨ કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની** ચોરી કલાક ૨/૧૫ વાગ્યા દરમ્યાન થઈ હતી. સીસીટીવી કુટેજમાં જોતા એક સફેદ રંગની સ્વીફ્ટ ફોર વ્હીલર ગાડીમા આવેલ ત્રણ અજાણ્યા માણસો ચોરી કરી લઈ ગયા છે. આ અંગેની ફરીયાદ મેહુલભાઇ ત્રિવેદીએ **નરોડા** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.સ.ઇ.શ્રી જે.ડી.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** :- **સમાચાર યાદી નં.૨૦૬૧/૧૭**

**રીવરફ્રન્ટ ઈસ્ટઃ** ભાવિન જયંતીલાલ ચૌહાણ (ઉ.વ.૧૯) (રહે.રણુજાનગર વિભાગ-૧ સેટેલાઇટ) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૧૭ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે રીવરફ્રન્ટ પશ્ચીમ કિનારે ઇવેન્ટ સેન્ટર પાસે ઘાટ નંબર-૯ વોક-વે નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. **શ્રી** હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

નિકોલઃ અવની ડો/ઓફ પરેશભાઇ આહીર (ઉ.વ.૧૭) (રહે. સરસ્વતી પાર્ક સોસાયટી, ખોડિયારનગર ચાર રસ્તા પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૯/૧૦/૧૭ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતીઆ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ શ્રી સુરવિરસિંહ સ્વરૂપસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.